AUTHOR:SHKTIPRASAD RAVAL,WANKANER. 363621
WWW.NADIANSHASTROLOGY.COM

# <u>નાડીગ્રંથ એક અભ્યાસ</u>

## પ્રકરણ–૧

## <u>પૂર્વ જન્મમાં શુભ– અશુભ જે કર્મ કરેલ હોય તેની ફળ પ્રાપ્તિ સમયને આ હોરા શાસ્ત્ર પ્રકટ કરે છે.(લઘુ જાતક)</u>

નાડી ગ્રંથોમાં નાડીકારે કોઇ સિધ્ધાંતનો ઉલ્લેખ કર્યા વગર જાતકના ભવિષ્યનું વર્ણન કરેલું જોવામાં આવે છે.વાચકવર્ગે આવા સિધ્ધાંતોનું સંશોધન કરવાનું રહે છે.જે આજની જ્ઞાની દુનીયા આ જ્ઞાનથી અજાણ છે.જેઓની પાસે નાડીગ્રંથો છે તેઓ ફકત નાડીગ્રંથમાં આલેખાયેલ જાતકનું ભવિષ્ય ભાષાંતર કરી રજુ કરે છે. સંશોધન કરવા માટે આવા ગ્રંથો ની નકલો કરાવી જાહેરમાં મુકવી જોઈએ કદાચ દુરઉપયોગ થવાની શકયતા ને ધ્યાને રાખી આવા ગ્રંથો ની નકલો કરાવી જાહેરમાં ન મુકી હોય કે અન્ય કોઈ કારણ પણ હોઈ શકે.નાડીગ્રંથ આપણા ઋષિ મુનીઓએ ગુરૂ પંરપરા મુજબ પોતાના શિષ્યોને આપેલ જ્ઞાન છે.

નાડીગ્રંથો ઉપર જુદા જુદા લેખકોએ જુદી જુદી બુકો પોતાના અભિપ્રાય અને અનુભવ સહીત આજના જયોતિષના ચાહકો અને વાચકો માટે રજુ કરેલ છે.

નાડી ગ્રંથોમાં મુખ્ય (૧) નાડીઓના નામો ૧૫૦ છે.(૨) ચર રાશિમાં ૧ થી ૧૫૦ ના ક્રમમાં ગણાના કરવામાં આવે છે.(૩) સ્થિર રાશિમાં ૧૫૦ થી ૧ના ક્રમ થી ગણના કરવામાં આવે છે.(૪) દ્વિસ્વભાવ રાશિમાં ૭૬ થી ૧૫૯ અને ૧ થી ૭૫ ના ક્રમમાં ગણના કરવા માં આવે છે.(૫) નાડી અંશોમાં પૂર્વ ભાગ અને ઉતર ભાગની ફલાદેશમાં મુખ્ય ગણના કરવામાં આવે છે.(૫)રાશિ ૧૨ છે.૧ રાશિમાં નવમાંશ –૯ છે.૧૨ રાશિના નવમાંશ – ૧૦૮ છે.(૬)૨૭ નક્ષત્રો અને ૨૭ નક્ષત્રપતિ છે.(૬) સંબંધીઓના નામો મેળવવા માટે ૧૨ સ્વર અને ૩૬ વ્યંજનો (૭) ગ્રહો અને ભાવના કારકો(૮) ષોડશવર્ગ (૧૦) અક્ષાંશ અને રેખાંશ ને ધ્યાનમાં લેવામાં આવેલ હોય તેવું જોવામાં આવે છે.

<u>અક્ષાંશ અને રેખાંશના ભેદે જુદાજુદા સ્થળોએ સમય અને લગ્ન જુદાજુદા આવે છે. લગ્નનો આધાર સૂર્ય ઉપર હોય છે. સૂર્ય ઉદય સમયે સૂર્ય અને લગ્નના રાશિ અંશ કલા વિકલા એક જ હ ોય છે.સામાન્ય રીતે રેખાંશ અને લગ્ન બે કલાકે જુદાજુદા આવે છે. સૂર્ય ઉદય સમયે જે રાશિનો અને જે રેખાંશ ઉપર સૂર્ય હોય તે સમયે તે પછીના ૩૦ અંશના રેખાંશે સૂર્ય થી બી જી રાશિનું લગ્ન આવે છે.આ પ્રમાણે ૧૨રાશિ ૩૬૦અંશ રેખાંશમાં ક્રમથી આવે છે.નાડીશાસ્ત્રનો આ મહ્ત્વનો સિધ્ધાંત છે.</u>

આ લેખમાં નાડીનો પૂર્વ ભાગ અને ઉતરભાગ દરેક રાશિમાં કેવી રીતે આવે છે તે જોઈએ.

નાડી અંશોમાંઃસૂર્ય થી ૬ રાશિઓ સૂર્યના અધિકાર નીચે આવતી હોવાથી પૂર્વ ભાગમાં રાશિ ૫– સિંહ, ૬– કન્યા,૭– તુલા ૮– વૃશ્ચિક, ૯– ધન, ૧૦– મકર રાશિ આવે છે. પૂર્વ ભાગ પુરૂષ વર્ગ માટે શુભ અને સ્ત્રી વર્ગ માટે અશુભ લગ્નથી આ રાશિ જે ભાવમાં આવતી હોય તે ભાવ પરત્વેનું પુરૂષ વર્ગ માટે શુભ અને સ્ત્રી વર્ગ માટે અશુભ ફળ આપે છે.

**ચંદ્ર થી અવળા ક્રમ થી ૬ રાશિઓ ચંદ્રના અધિકાર નીચે આવતી હોવાથી ઉતર ભાગ માં રાશિ ૪ – કર્ક, ૩ – મિથુન, ૨– વૃષભ,૧– મેષ,૧૨ – મીન,૧૧ – કુંભ રાશિઓ આવે છે. ઉતર ભાગ પુરૂષ વર્ગ માટે અશુભ અને સ્ત્રી વર્ગ માટે શુભફળ મળ ે છે.લગ્નથી આ રાશિ જે ભાવમાં આવતી હોય તે ભાવ પરત્વેનું પુરૂષ વર્ગ માટે અશુભ અને સ્ત્રી વર્ગ માટે શુભફળ આપે છે.**

મેષ લગ્ન પૂર્વ ભાગ હોય તો પુરૂષ વર્ગ માટે **૫–૬–૭–૮–૯–૧૦** સ્થાન ને લગતુ શુભ ફળ મળે છે. મેષ લગ્ન પૂર્વ ભાગ હોય તો પુરૂષ વર્ગ માટે**૧૧–૧૨– ૧– ૨–૩–૪** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

મેષ લગ્ન ઉતર ભાગ માં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે**૧૧–૧૨–૧–૨–૩ –૪** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. મેષ લગ્ન ઉતર ભાગ માં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૫–૬–૭–૮–૯–૧૦** સ્થાન ને લગતુ અશુભ ફળ મળે છે.

વૃષભ લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૪–૫–૬–૭–૮–૯** સ્થાન ને લગતુ શુભ ફળ મળે છે. વૃષભ લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે**૧૦–૧૧–૧૨– ૧– ૨–૩** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

વૃષભ લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૧૦–૧૧–૧૨– ૧– ૨–૩** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. વૃષભ લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૪–૫–૬–૭–૮–૯** સ્થાન ને લગતુ અશુભ ફળ મળે છે.

મિથુન લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૯–૧૦–૧૧ – ૧૨–૧– ૨** સ્થાન ને લગતુ શુભ ફળ મળે છે. મિથુન લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે**૩–૪ –૫–૬ –૭–૮** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

મિથુન લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૩–૪ –૫–૬ –૭–૮** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. મિથુનલગ્ન ઉતર ભાગમાં જન્મ હોય સ્ત્રી વર્ગ માટે **૯–૧૦–૧૧ – ૧૨–૧– ૨** સ્થાન ને લગતુ અશુભ ફળ મળે છે.

કર્ક લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૨–૩–૪ –૫–૬–૭** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે.કર્ક લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૮–૯–૧૦–૧૧ – ૧૨–૧** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

કર્ક લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૮–૯–૧૦–૧૧ – ૧૨–૧** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. કર્ક લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય **તો** સ્ત્રી વર્ગ માટે **૨–૩–૪ –૫–૬–૭** સ્થાન ને લગતુ અશુભ ફળ મળે છે.

સિંહ લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે**૧–૨ ૩–૪ –૫–૬** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. સિંહ લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૭–૮ – ૯–૧૦–૧૧ – ૧૨** સ્થાને લગતુ અશુભ ફળ મળે છે.

સિંહ લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૭–૮ – ૯–૧૦–૧૧ – ૧૨** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. સિંહ લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૧–૨ ૩–૪ –૫–૬** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

કન્યા લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે**૧૨–૧–૨–૩–૪ –૫** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. કન્યા લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૬–૭–૮–૯–૧૦–૧૧** સ્થાને લગતુ અશુભ ફળ મળે છે.

કન્યા લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૬–૭–૮–૯–૧૦–૧૧** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. કન્યા લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૧૨–૧–૨–૩–૪ –૫** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

તુલા લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે**૧૧ – ૧૨–૧–૨–૩–૪** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. તુલા લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૫–૬–૭–૮–૯–૧૦** સ્થાને લગતુ અશુભ ફળ મળે છે.

તુલા લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૫–૬–૭–૮–૯–૧૦** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. તુલા લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૧૧ – ૧૨–૧–૨–૩–૪** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

વૃશ્ચિક લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૧૦–૧૧ – ૧૨–૧–૨–૩** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. વૃશ્ચિક લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૪ –૫ –૬–૭–૮–૯** સ્થાને લગતુ અશુભ ફળ મળે છે.

વૃશ્ચિક લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે**૪ –૫ –૬–૭–૮–૯** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. વૃશ્ચિક લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે**૧૦–૧૧ – ૧૨–૧–૨–૩** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

ધન લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય **તો** પુરૂષ વર્ગ માટે **૯–૧૦–૧૧–૧૨ – ૧–૨** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. ધન લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૩–૪ –૫–૬ – ૭–૮** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

ધન લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૩–૪ –૫–૬ – ૭–૮** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. ધન લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૯–૧૦–૧૧–૧૨ – ૧–૨** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

મકર લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૮–૯–૧૦–૧૧–૧૨ –૧** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. મકર લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૨–૩–૪ –૫–૬–૭** સ્થાને લગતુ અશુભ ફળ મળે છે.

મકર લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૨–૩–૪ –૫–૬–૭** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. મકર લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૮–૯–૧૦–૧૧–૧૨ –૧** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

કુંભ લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૭–૮–૯–૧૦–૧૧–૧૨** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે.કુંભ લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૧–૨–૩–૪ –૫–૬–** સ્થાને લગતુ અશુભ ફળ મળે છે.

કુંભ લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૧–૨–૩–૪ –૫–૬** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. કુંભ લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો **૭–૮–૯–૧૦–૧૧–૧૨** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

મીન લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૬–૭–૮–૯–૧૦–૧૧** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે.મીન લગ્ન પૂર્વ ભાગમાં જન્મ હોય તો પુરૂષ વર્ગ માટે **૧૨–૧–૨–૩–૪ –૫** સ્થાને લગતુ અશુભ ફળ મળે છે.

મીન લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૧૨–૧–૨–૩–૪ –૫** સ્થાનને લગતુ શુભ ફળ મળે છે. મીન લગ્ન ઉતર ભાગમાં જન્મ હોય તો સ્ત્રી વર્ગ માટે **૬–૭–૮–૯–૧૦–૧૧** સ્થાનને લગતુ અશુભ ફળ મળે છે.

<u>:: પૂર્વભાગ – ઉતરભાગ ::</u>

લગ્નાત્કર્મગતે ભૌમે શુભસંયુતવીક્ષીતે
સતકર્માચારબુદ્ધિઃ સ્યાત્ પિતૃધર્મપરાયણઃ
પિતામહસ્ય વંશે વા પિતૃવંશે તથાપિ ચ
ગંગાયાત્રાફલપ્રાપ્તિર્ગુહાંશે નાત્ર સંશયઃ
જીર્ણોદ્ધારણ ધર્માદે ર્ગુહાંશે પરિપાલકઃ
ઉતરાંશે ભ્રાતૃમૂલાદ્ બહુધર્મપ્રદો ભવેત્

ગુહાંશ નાડીઅંશ કુંભ લગ્નમાં,લગ્નથી કર્મ(દશમા)ભાવમાં મંગળ શુભ ગ્રહની યુતિ યા દષ્ટિમાં,ગંગાયાત્રા,જુના મંદિરોના નવ નિર્માણાના ધાર્મિક કાર્યો કરે છે.ઉતરાંશમાં જન્મ હોય તો જાતકના ધાર્મિક કાર્યોમાં જાતકના ભાઈનો પણ સહકાર હોય છે.

ગુહાંશ નાડીઅંશ,કુંભ લગ્ન,દશમાભાવમાં મંગળ સ્વગૃહી,શુભ ગ્રહની યુતિ યા દષ્ટિમાં (ગુરૂ–શુક્ર),પૂર્વભાગ ગંગાયાત્રા,જુના મંદિરોના નવ નિર્માણના ધાર્મિક કાર્યો કરે છે.ઉતરભાગમાં જન્મ હોય તો જાતકના ધાર્મિક કાર્યોમાં જાતકના ભાઈનો પણ સહકાર હોયછે.

કુંભ લગ્નમાં મેષ રાશિ ત્રીજા સ્થાનમાં આવે છે. કુંભ લગ્નમાં ગુરૂ–શુક –મંગલનો સંબંધમાં મંગલની એક રાશિ મેષ ત્રીજા સ્થાનમાં છે.મંગલની બીજી વૃશ્ચિક રાશિ દશમા ભાવમાં આવે છે. વૃશ્ચિક રાશિ પૂર્વ ભાગમાં આવે છે. મેષ રાશિ ઉતર ભાગમાં આવે છે. રાશિના બે ભાગ હોરા નામથી ઓળખાય છે.એકી રાશિમાં પ્રથમ ૧૫ અંશ સુધી સિંહ રાશિની હોરા આવે છે.ત્યાર પછી ૩૦ અંશ સુધી કર્ક રાશિની હોરા આવે છે.બેકી રાશિમાં પ્રથમ ૧૫ અંશ સુધી કર્ક રાશિની હોરા આવે છે.ત્યાર પછી ૩૦ અંશ સુધી સિંહની હોરા આવે છે.

૫– સિંહ રાશિ થી ૬– કન્યા,૭– તુલા ૮– વૃશ્ચિક, ૯– ધન, ૧૦– મકર રાશિ પૂર્વ ભાગથી ઓળખાય છે. રાશિ ૪ – કર્ક,થી ૩ – મિથુન, ૨– વૃષભ,૧– મેષ,૧૨ – મીન,૧૧ – કુંભ રાશિ ઉતરભાગથી ઓળખાય છે.

વિપ્રકાલ – ક્ષત્રિય કાલ – વૈશ્યકાલ – શુદ્રકાલ ::
મીન લગ્ન કુન્દાંશ (બુધ નાડી)
કુંદાશગે સુખાધીશે સ્વક્ષેત્રે રવિ સંયુકતે
કર્માધિપેણા સંદ્રષ્ટ મીનલગ્ને સુભાગ્યવાન
ચંદ્રલગ્નાધિપે સૌમ્યે કુંદાશે ગુરૂવીક્ષીતે
વિપ્રકાલે પ્રજાતશ્ય પિત્રાર્જિતધનાઢયવાન
કુંદાશકગતે સૌમ્યે ક્ષત્રિયો વા પ્રજાયતે
વિષ્ણુભકિતરતો નિત્યં મહાનૃપતિ સેવકઃ
વૈશ્યકાલે ચ તદ્ઘારિ બહુવ્યાપારજીવનમ્
ધનધાન્યાદિલાભઃ સ્યાત્ બ્રાહ્મણસ્નેહવાન્ સુખી
શુદ્રકાલે રાજસેવી ભૂમિગ્રામધિપત્યવાન્
વ્યવસાયપરો નિત્યં પશુધાન્યસમૃદ્ધિમાન્

મીન લગ્ન,કુંદાશ નાડીઅંશ,સૂર્ય સાથે બુધ પોતાની રાશિ( મિથુન),દશમાનો માલિક ગુરૂ થી દ્રષ્ટ હોય,વીપ્રકાલ હોય તો પૈતૃક સંપતિથી ધનવાન થાય.ક્ષત્રિય કાલ હોય તો વિષ્ણુભકત અને સરકારી નોકરી કરે.વૈશ્યકાલ હોય તો એક થી વધારે વસ્તુનો વેપારી થાય.શુદ્રકાલ હોય તો ગામનો વડો,રાજસેવી,જમીન મીલ્કત ઘણી હોય,પશુ ધાન્ય સમૃદ્ધિવાન હોય.

વિપ્રકાલ – ક્ષત્રિય કાલ – વૈશ્યકાલ – શુદ્રકાલ અને લગ્ન શોધવાની અલગ પધ્ધતિ જોવામાં આવેલ છે.આ એક અટપટી પધ્ધતિ છે. વિપ્રકાલ રાશિ ૪–૮–૧૨,ક્ષત્રિય કાલ રાશિ ૧–૫–૯ , વૈશ્યકાલ રાશિ ૨–૬–૧૦, શુદ્રકાલ રાશિ ૩–૭–૧૧.

ઉદાહરણમાં વિપ્રકાલ,ક્ષત્રિયકાલ,વૈશ્યકાલ,શુદ્રકાલ થી વર્ણન કરવામાં આવેલ છે .ચર,સ્થિર,દ્વિસ્વભાવ રાશિ થી ગણના થાય છે. કુન્દાંશ નાડી વિપ્રકાલ મીન–૧૨ ,ક્ષત્રિયકાલ ધન–૯,વૈશ્યકાલ કન્યા– ૬,શુદ્રકાલ મિથુન– ૩ આવે છે.મીન લગ્નમાં ધન રાશિનો સંબંધ દશમા સ્થાન સાથે હોવાથી " વિષ્ણુભકિતરતો નિત્યં મહાનૃપતિ સેવકઃ" દર્શાવેલ છે. .મીન લગ્નમાં " વૈશ્યકાલ કન્યા– ૬ " નો સંબંધ ૭માં સ્થાન સાથે હોવાથી " વૈશ્યકાલે ચ તદ્વારિ બહુવ્યાપારજીવનમ્ ॥ "ધનધાન્યાદિલાભઃ સ્યાત્ બ્રાહ્મણસ્નેહવાન્ સુખી "॥" શુદ્રકાલ મિથુન– ૩ " નો સંબંધ ૪ સ્થાન સાથે હોવાથી " શુદ્રકાલે રાજસેવી ભૂમિગ્રામધિપત્યવાન્ ॥ વ્યવસાયપરો નિત્યં પશુધાન્યસમૃદ્ધિમાન્" આવુ ફલ કથન નાડી કારે કરેલું છે.

દરેક રાશિની કલા ૧૮૦૦, ગ્રહો ૯ અને લગ્ન મળી કુલ ૧૦ થાય.૧૮૦૦ ને ૯ વાર ગુણવાથી જે સંખ્યા આવે તેટલા ગ્રહોના ભ્રમણ થાય.આ સંખ્યાને ૧૮૦૦ થી ગુણવાથી લગ્ન સહિતના ભ્રમણ થાય.(૧૮૦૦)ની ૯ ઘાત = ૧૮૦૦ ને ૯ વાર ગુણવાથી ૧૯૮૩૫૯૨૯૦૩૬૮ અઢાર "0"શૂન્ય આટલી સંખ્યા ૯ ગ્રહો ભ્રમણ ગણના થાય. ૧૮૦૦ ને ૧૦ વાર ગુણવાથી એટલે કે ૧૮૦૦ની ૧૦ ઘાત = ૩૫૭૦૪૬૭૨૨૬૬૨૪ અને વીસ " 0" શૂન્ય લગ્ન સહિતના ગ્રહોની ભ્રમણ ગણના થાય.

આનો અર્થ એવો પણ થાય પૃથ્વી પરના મનુષ્ય જીવાત્મા ની આટલી કુંડલીઓ બને.જેનુ નાડીકારે નામો સહિત નાડીગ્રંથોમાં વર્ણન કરેલુ છે.

કાળ રૂપ પુરૂષ મેષ થી મીન ગણાય છે.તેના સ્વામી અને નૈસર્ગિક મૈત્રી ને ઘણુ જ મહત્વ આપવામાં આવેલ છે.

સુર્ય – ચંદ્ર– મંગલ–ગુરૂ પરસ્પર મિત્રો છે. શુક્ર – બુધ – શનિ – રાહુ પરસ્પર મિત્રો છે.કેતુ નો મિત્ર ગુરૂ ગણાય છે.સુર્ય – ચંદ્ર– મંગલ–ગુરૂ નાં શુક્ર – બુધ – શનિ – રાહુ પરસ્પર શત્રુ છે.

સૂર્ય – ચંદ્ર નો દ્રેષ્કાણ જો ગુરૂ હોય તો દેવ લોક માંથી,ચંદ્ર કે શુક્ર પિતૃલોક માંથી, સૂર્ય કે મંગળ હોય તો મૃત્યુ લોકમાંથી ( મનુષ્ય,પશુ,પક્ષી વગેરે) તથા શનિ કે બુધ હોય તો નરક માંથી આવે છે.પૂર્વ જન્મ વિશે જાણકારી મેળવી શકાય છે.

સુનફા અને અનફા યોગ ચંદ્ર થી જોવાનું લઘુ જાતકમાં ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે. પરંતુ નાડીકારે આ યોગ દરેક ગ્રહ થી ગ્રહ તથા પોતાના થી સાતમાં સ્થાન ઉપર દરેક ગ્રહ પૂર્ણ દ્રષ્ટિ થી જોતો હોવા થી તેને વધુ મહત્વ આપેલુ જોવામાં આવે છે.

સ્ત્રી – પુરૂષ,જોડકા સ્ત્રી –પુરૂષ,વગેરે સૂક્ષ્મ જાણકારી પણ મળી શકે છે.

વસુધા અંશ પૂર્વ ભાગ હોય, મેષ લગ્ન હોય , મેષ ત્રિશાંશ માં જન્મ હોય તો આ જાતક ક્ષત્રિય ,પુરૂષ,તમો ગુણ વાળો અને પ્રથમ ગર્ભ થી જન્મ થયેલો હોય છે.

વસુધા અંશ ઉતર ભાગ હોય, મેષ લગ્ન હોય ,ધન ત્રિશાંશ માં જન્મ હોય તો આ જાતક ,ક્ષત્રિય ,સ્ત્રી,સત્વ ગુણ વાળી,પ્રથમ ગર્ભ થી જન્મ હોય છે.

વસુધા અંશ પૂર્વ ભાગ હોય, મેષ લગ્ન હોય , કુંભ ત્રિશાંશ માં જન્મ હોય તો આ જાતક ક્ષત્રિય ,જોડકા સ્ત્રી–પુરૂષ,તમો ગુણ વાળા, પાંચમા ગર્ભ થી જન્મ હોય છે.

AUTHOR:SHKTIPRASAD RAVAL,WANKANER.   363621
WWW.NADIANSHASTROLOGY.COM

વસુધા અંશ ઉતર ભાગ હોય, મેષ લગ્ન હોય ,મિથુન ત્રિશાંશ માં જન્મ હોય તો આ જાતક ક્ષત્રિય,પુરૂષ,રજો ગુણ વાળો પ્રથમ ગર્ભ થી જન્મ હોય છે.

## ચર રાશિ માં કર્ક રાશિ

| નાડી નામ | પૂર્વ–ઉતર | જાતિ | વર્ણ | ગુણ |
|---|---|---|---|---|
| વસુધા | પૂર્વ | પુરૂષ | ક્ષત્રિય | તમો |
| વૈષ્ણવી | ઉતર | સ્ત્રી | વૈશ્ય | રજો |
| મનોહરા | પૂર્વ | પુરૂષ | શુદ્દ | તમો |
| માધ્વી | ઉતર | સ્ત્રી | બ્રાહ્મણ | રજો |
| કુટિલા | ઉતર | સ્ત્રી | બ્રાહ્મણ | રજો |
| પ્રભા | પૂર્વ | પુરૂષ | ક્ષત્રિય | તમો |
| વસુધા | ઉતર | પુરૂષ | ક્ષત્રિય | **સત્વ** |
| વૈષ્ણવી | પૂર્વ | સ્ત્રી | વૈશ્ય | સત્વ |

## સ્થિર રાશિ માં સિંહ રાશિ

| નાડી નામ | પૂર્વ–ઉતર | જાતિ | વર્ણ | ગુણ |
|---|---|---|---|---|
| નામા | ઉતર | જોડકા સ્ત્રી | શુદ્દ | રજો |
| પંકજા | પૂર્વ | જોડકા પુરૂષ | બ્રાહ્મણ | સત્વ |
| પરમેશ્વરી | પૂર્વ | જોડકા સ્ત્રી | ક્ષત્રિય | રજો |
| વસુધા | ઉતર | જોડકા સ્ત્રી–પુરૂષ | વૈશ્ય | સત્વ |
| વૈષ્ણવી | પૂર્વ | જોડકા સ્ત્રી | શુદ્દ | રજો |

| | | | | |
|---|---|---|---|---|
| નામા | પૂર્વ | સ્ત્રી | ક્ષત્રિય | તમો |
| પંકજા | ઉતર | પરૂષ | વૈશ્ય | રજો |
| પરમેશ્વરી | પૂર્વ | સ્ત્રી | શુદ્દ | તમો |

| | | | | |
|---|---|---|---|---|
| વસુધા | ઉતર | પુરૂષ | બ્રાહ્મણ | રજો |
| વૈષ્ણવી | પૂર્વ | સ્ત્રી | ક્ષત્રિય | તમો |

| નાડી નામ | પૂર્વ–ઉતર | જાતિ | વર્ણ | ગુણ |
|---|---|---|---|---|
| જવાલા | પૂર્વ | પુરૂષ | ક્ષત્રિય | સત્વ |
| બલા | ઉતર | સ્ત્રી | વૈશ્ય | સત્વ |
| શિવા | પૂર્વ | પુરૂષ | શુદ્ર | સત્વ |
| શિવદા | ઉતર | સ્ત્રી | બ્રાહ્મણ | સત્વ |
| શોભના | પૂર્વ | પુરૂષ | ક્ષત્રિય | સત્વ |

| | | | | |
|---|---|---|---|---|
| જવાલા | ઉતર | જોડકા સ્ત્રી | ક્ષત્રિય | રજો |
| બલા | પૂર્વ | જોડકા સ્ત્રી–પુરૂષ | વૈશ્ય | સત્વ |
| શિવા | ઉતર | જોડકા સ્ત્રી | શુદ્ર | રજો |
| શિવદા | પૂર્વ | જોડકા પુરૂષ | બ્રાહ્મણ | સત્વ |
| શોભના | ઉતર | જોડકા સ્ત્રી | ક્ષત્રિય | રજો |
| શોભા | પૂર્વ | જોડકા સ્ત્રી–પુરૂષ | વૈશ્ય | સત્વ |

# દ્વિસ્વભાવ રાશિ મિથુન રાશિ

ઉપર મુજબ ચર– સ્થિર– દ્વિસ્વભાવ રાશિ માં નાડીનામ,નાડીનો ગ્રહ,ષોડસવર્ગ ,પૂર્વ –ઉતર,જાતિ,વર્ણ,ગુણ વગેરે ઉપરથી જાતકનું ભવિષ્ય જોવાની નાડી ગ્રંથોમાં પધ્ધતિ જોવામાં આવેલ છે. વાચકોને આ માહિતી ઉપયોગી થશે